ડીસા શહેરમાં મામલતદાર કચેરી સામે આવેલ આંગણવાડી શાળા દ્વારા આંતર રાષ્ટ્રીય વિશ્વ મહિલા દિન નિમિત્તે આંગણવાડી કાર્યકરોની મતદાર જાગૃત્તિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી શહેરના મુખ્ય બજારોમાં ફરી સભા રૂપે ફેરવાઈ હતી. ડીસા શહેરમાં ચૂંટણીને લઈ મતદારોને જાગૃત્ત કરવા તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાય છે. જેમાં શનિવારના રોજ ડીસા આંગણવાડી શાખા દ્વારા આંગણવાડી કાર્યકરોની મહિલાઓ ૪૦૦થી વધુ એકત્રત થઈ આંતર રાષ્ટ્રીય વિશ્વ મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે મહિલાઓના અધિકાર તેમજ આદર્શ આચાર સંહિતા માટે મતદાન જાગૃત્તિ રેલી યોજી હતી. આ રેલીને ડીસા પ્રાંત અધિકારી દિગંત ભ્રહ્મભટ્ટે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરી ડીસા બી.આર.સી. ભવન ખાતે મિટીંગમાં ફેરવાઈ હતી. જેમાં બાળ વિકાસ અધિકારી, શારદાબેન પટેલ, સી.આર.સી. પ્રવિણભાઈ સાધુ તાલુકા કેળવણી નિરીક્ષક અશ્વીનભાઈ પટેલ, બાબુભાઈ શ્રીમાળી, ચંદુભાઈ એ.ટી.ડી. દ્વારા તમામ આંગણવાડી મહિલાઓને મતદાર વિશે માહિતી આપી હતી.

પાલનપુરમાં ભાજપની બનાસ ગૌરવ યાત્રા ફલોફ શૉ બની

પાલનપુર, તા. ૮

બનાસકાંઠા જિલ્લામાં ભાજપ દ્વારા આગામી લોકસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને 'બનાસ ગૌરવ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવ યાત્રા પાલનપુર આવી ત્યારે તેમાં કાર્યકરોની પાંખી હાજરીને લીધે ફિયાસ્કો થયો હતો. આ યાત્રા મશાલ સરઘસ દ્વારા સ્વાગત કરાવ્યા બાદ શહેરના દિલ્હીગેટથી શહેર યુવા ભાજપ દ્વારા નમો ટી સ્ટોલ અને બહેનો માટે કમળ મહેંદીના સથવારે ૧૦ દિવસથી ભ્રમણ કરી રહેલ છે. શહેરના ગુરૂનાનક ચોકમાં જાહેરસભા પણ યોજવામાં આવી હતી. જેમાં પણ કાર્યકરોની પાંખી હાજરી ઉડીને આંખે વળગે તેવી હતી.

પાલનપુર શહેરના અમીર રોડ પર આવેલી દેનાબેંકમાં આજે સવારે અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠતા પળવારમાં ઈલેક્ટ્રીક વાયરીંગ અને ફર્નિચર સહિત આગની જવાળાઓ ચોતરફ ફેલાઈ જતા વ્યાપક નુકસાન થવા પામ્યું હતું. બેંક સત્તાવાળાઓ વતી આ આગ શોર્ટસર્કિટના કારણે લાગી હોવાનું જણાવાયું હતું. આ આગમાં બેંકમાં મેનેજરની કેબિન પાસે વ્યાપક નુકશાન થયું હતું. પરંતુ રોકડની તિજોરી અને લોકર્સના ભાગે કોઈ જ પ્રકારનું નુકશાન થયું નહોતું. આગના કારણે ફર્નિચર, ફાઈલો અને કોમ્પ્યુટર સહિત અંદાજે રૂપિયા પાંચ લાખનું નુકસાન થયાનું પ્રથમ નજરે જણાયું હતું. આ આગને તાકીદે નગરપાલિકાના ફાયર ફાઈટરની ટીમે પાણીનો મારો ચલાવી કાબુમાં લીધી હતી. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

પ્રાંતિજમાં મહિલા દિનની ઉજવણી કરાઈ

પ્રાંતિજમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓના સ્થાન, મોભો અને મહિલા સશકિતકરણ, આદર્શો અને ધ્યેયોની ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રાંતિજના મહાકાળી મંદિરના દેવીબેન, નગરપાલિકાના પૂર્વપ્રમુખ ઉષાબેન બ્રાહ્મભટ્ટ, અનુજાતિ નિગમના ડિરેકટર ને પૂર્વ પ્રમુખ મધુબેન પરમાર વગેરેનું સન્માન કરાયું હતું.

બહેડીયા ગામનો યુવાન ઝેરી દવા પી જતા મોત

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા તાલુકાના બહેડીયા ગામના હસમુખભાઈ કોદરભાઈ સોલંકી ઉ.વ. આ. ૨૦ કોઈ અગમ્ય કારણસર તા. ૨૮-૨-૨૦૧૪ ના રોજ ઝેરી દવા પી ગયેલ જેને સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ જેનું તા. ૨૮ના રોજ સાંજના ૭.૩૦ વાગે સારવાર દરમ્યાન મોત નિપજેલ હતુ જે અંગે મેડીકલ ઓફિસર દ્વારા ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતાં ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ખેડબ્રહ્માની જે.ડી. પટેલ હાઈસ્કૂલ અને ટી.એ. પટેલ શારદા વિદ્યામંદિરનો ચર્તુવિધ કાર્યક્રમ યોજાયો હતો જેમાં વાલી સંમેલન, ધો. ૧૦મા અને ૧૨માના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ, તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ તેમજ વયમર્યાદાને કારણે નિવૃત્ત થઈ રહેલા આચાર્ય હરીહર પાઠકનો સન્માન સમારંભ સામેલ થાય છે. આ અર્નિવિધ કાર્યક્રમમાં લોક સાહિત્યકાર ડૉ. ભગવાનદાસ પટેલ અને જશુભાઈ પટેલ ઉપસ્થિતરહ્યા હતા. વિદાય લઈ રહેલા આચાર્ય હરીહર પાઠકને સ્મૃતિ ચિહ્ન, પ્રમાણપત્ર તેમજ સોનાની ચેઈન ભેટ આપી તેમજ શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ વિનોદભાઈ પટેલ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત હ્યા હતા.

પાલનપુરમાં માર્ગ અકસ્માત કરનારને કેદ

પાલનપુર શહેરના લક્ષ્મીપુરા વિસ્તારના ગોગા મહારાજના મંદિર પાસે બેઠેલા રામજી નાથાભાઈ પ્રજાપતિ, કાનજીભાઈ પ્રજાપતિ અને માનાભાઈ પ્રજાપતિને પુરપાટ વેગે મારૂતિ કાર હંકારી ટક્કર મારી ઈજા પહોંચાડનાર શખ્સ નારણ હરીભાઈ પ્રજાપતિને આજે અદાલતે કેદ તેમજ રોકડ રકમનો દંડ ફટકાર્યો હતો.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસના નવા પ્રમુખ પ્રતાપસિંહ ખાંટનો સન્માન સમારંભ યોજાયો

ધનસુરા, તા. ૮

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખપદે પ્રતાપસિંહ ખાંટની વરણી કરાતા તેમનો સન્માન સમારંભ મોડાસાની સાંસ્કૃતિક પાઠશાળા ખાતે યોજાયો હતો. આ સમારંભમાં જિલ્લા પ્રભારી સી.પી. ચૌધરી, સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ તેમજ ધારાસભ્યો મહેન્દ્રસિંહ વાઘેલા અને ડૉ. અનિલ જોષીયારા ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં રાજેન્દ્રસિંહ ઠાકોર, સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા કોંગ્રેસના મંત્રી રમણસિંહ ખાંટ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ વિચરતી વિમુક્ત જાતિના પ્રમુખ જશવંત યોગી, પૂર્વ તાલુકા પ્રમુખ જયમલસિંહ ખાંટ, જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ આફતાબ દુરાની, મોડાસા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નારણભાઈ પટેલ, મોડાસા તાલુકા યુવા કોંગ્રેસ પ્રમુખ વનરાજસિંહ ખાંટ તથા નિવૃત્ત નાયબ મામલતદાર કાન્તિભાઈ ખાંટ હાજર રહ્યા હતા. મોડાસા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા જીગર મહેતા સહિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરોની ઉપસ્થિતિમાં આગામી લોકસભાની ચૂંટણીઓ માટે બુથ એજન્ટોથી લઈને જુથ થઈ પ્રચાર કાર્યના આયોજન અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી તેમજ હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાડાના ભાજપ ગમનને વખોડાઈ કઢાયું હતું.

ખેરોજ પાસે રતનપુર પાસે અકસ્માતમાં એકનું મોત

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા તાલુકાના રતનપુર ગામ પાસેથી શનિવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે જીપ અને બાઈક વચ્ચે અકસ્માત થતા બાઈક સવારનું મોત નીપજ્યુ હતું.

ખેડબ્રહ્મા તાલુકાના રતનપુર ગામના કલ્પેશભાઈ રાજેશભાઈ મકવાણા ઉં.વ. ૪૦, બાઈક નં. જી.જે.૯. એલ.૮૫૩૭ લઈ ખેડબ્રહ્મા તરફ આવતા હતા ત્યારે ખેરોજ તરફથી આવતી જીપ ગાડી નં. જી.જે.૯.એમ. ૪૦૨ના ચાલક પોતાના કબજાની જીપગાડી પૂર ઝડપે હંકારી બાઈકને ટક્કર મારતા બાઈક સવારનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. આ અંગે કરણભાઈ હકમાભાઈ મકવાણાએ જીપ ચાલક વિરૂદ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. આ અંગે ખેરોજ પી.એસ.આઈ. કે.આર. મકવાણા તપાસ ચલાવી રહ્યા છે.

પ્રાંતિજના અમીનપુર ખાતે ખોટા દસ્તાવેજો બનાવી જમીન પચાવવાનો કારસો રચાયો

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અમીનપુર ગામે નવાધરાં વિસ્તારમાં રહેણાંકના હેતુ માટે પ્લોટીંગ કરવા માટે કેટલાક ઈસમોએ અન્ય ખેડૂતની કાયદેસરની જમીનમાં રસ્તો બતાવી ખોટા દસ્તાવેજની નોટરી કરાવી જમીન પચાવી પાડવાનો કારસો રચ્યો હતો. હકીકતો બહાર આવવાની સાથે ભોગ બનનાર કિસાને પોલીસ ફરીયાદ કરતા છેતરપીંડી કરનારાઓમાં ફફટાડ વ્યાપી ગયો હતો.

અમીનપુરના રમણભાઈ ભોળાભાઈ પટેલ વગેરેની ૨૨ મકાનોવાળી કાયદેસરની જમીનમાં ખોટો રસ્તો બતાવી તેમના ગામના જ કનુભાઈ એસ. પટેલ, રમણભાઈ અને દિલીપભાઈ પટેલ સહિત ૧૨ જેટલા ઈસમો દ્વારા ખોટા દસ્તાવેજો બનાવી નોટરી કરાવડાવી મિલ્કત ખોટી રીતે પચાવી પાડવાનું ષડયંત્ર રચ્યું હતું. તમામ હકીકતો સાથે ખેડૂતોએ પોલીસ ફરિયાદ તેમજ મામલતદાર અને કલેક્ટર સમક્ષ ન્યાયની દાદ માંગતા છેતરપીંડી કરનારા તત્વોને પાઠ ભણાવવા માંગણી કરેલ છે. ખોટા દસ્તાવેજો બનાવવા મામલતદારથી માંડીને ડીડીઓ અને કલેક્ટરના તંત્રને ગેરમાર્ગે દોરીને ધાર્યુ કામ કરાવી લીધુ હતુ. ખેડૂતે ફરિયાદ કરતા ખોટી સહીઓ કરનારા અને નોકરીનો દુરૂપયોગ કરનારા સહિત મોટા ગજાના મનાતા ષડયંત્રકારીઓ દોડતા થઈ ગયા છે.

દલપુરમાં હનુમાનજીનો તૃતીય પાટોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા દલપુર ગામના ગોદરે બિરાજમાન હનુમાનદાદાના મંદિરે તૃતીય પાટોત્સવ યોજાયો હતો. ગ્રામજનો દ્વારા આ પાટોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ હતી. જેમાં હનુમાન દાદાની પ્રતિમાને અલૌકિક શણગારથી સજાવવામાં આવી હતી. આ પાટોત્સવમાં હોમ-હવન, હનુમાન સ્ત્રોત, હનુમાન ચાલીસા અને રાત્રે ભજનની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. દલપુર અને આસપાસના ગામોના અબાલવૃદ્ધ ગ્રામજનોએ મોટી સંખ્યામાં તન, મન અને ધનથી ભાગ લીધો હતો.

આજે ખંભાત ખાતે ગૌષે આઝમ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ

ખંભાત, તા. ૮

સૂફીઓના સૂફી શહેનશાહોના શહેનશા સરકાર શાહીરા હઝરત પીર મીરા સૈયદઅલી વલી (રદિ.)ના ૭૯૪મા ઉર્સ નિમિત્તે સમાધી ટ્રસ્ટ (દરગાહ) સભ્યો તેમજ સ્થાનિય પ્રજા મળી લોકમેળાનું આયોજન કરેલ છે. હઝરત શાહે મીરાના ઉર્સ નિમિત્તે આધ્યાત્મિક ગુરૂ અને સંત શિરોમણી પીરે તરીકત હઝરત સૈયદ રઈશ અશરફ બાપુની ઉપસ્થિતિમાં ઉજવાશે. તે પ્રસંગે દેશ પરદેશથી વિદ્યાન વ્યાખ્યાતાઓ સૂફી, સંતો, ઈમામ સાહેબો અને ધાર્મિક ટ્રસ્ટોના ટ્રસ્ટીઓ અને લાખોની સંખ્યામાં હિન્દુ મુસ્લિમ અનુયાયિઓ ઉપરાંત મન્નત માનનારા શ્રદ્ધાળુઓ વગેરે પણ હાજરી આપશે. રવિવારે તા. ૯ માર્ચના રોજ ઉર્સ મનાવવામાં આવશે જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે તેવી સંભાવના છે. આ ઉર્સના પવિત્ર પ્રસંગે ન્યૂઝ પોઈન્ટ પરિવાર પણ હઝરતની સેવામાં દુઆની દરખાસ્ત કરે છે અને ઉર્સમાં શામેલ તમામને મુબારકબાદ પાઠવેલ છે.

વિશ્વના સૌપ્રથમ પ્રેમપત્રનો ઉત્તર વાળનાર સુલોચના અને પોતાનું હરણ કરવા કૃષ્ણને લિખિત ઈજન આપનાર રુકમણી શિક્ષિત મહિલાઓ હતી

વેદકાળથી કંઠ પરંપરાથી પુરાણકાળ સુધીમાં વિકસેલી લેખન પરંપરામાં સ્ત્રી સશકિતકરણની વિકાસ અને સાહસ ગાથા ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)નાં ડૉ.ટીના દોશીએ સર્વપ્રથમ નારીકથાના બીજા દિવસે માંગલ્યપર્વમાં રજૂ કરી હતી. વિશ્વનો સૌપ્રથમ પ્રેમપત્ર લખીને પોતાની પ્રેયસીને રીઝવનાર સમર્થ પુરુષ માધવને પ્રેમપત્રની પાછળ જ ઉત્તર વાળનાર લેખનવાંચ નકળામાં સમર્થ સુલોચના, કૃષ્ણને પોતાનું હરણ કરી જવા માટે પત્ર લખીને ઈજન પાઠવનાર રુકમણી, ચિત્રકાર ચિત્રલેખા થકી સ્વપ્નપુરુષના ચિત્રાંકનથી ઉષા અને અનિરુદ્ધનો મેળાપ સહિતની પૌરાણિક સ્ત્રીઓની રસપ્રદ વાત ડૉ.ટીનાએ રજૂ કરી હતી. અધ્યક્ષસ્થાને સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ હતા.

નારીકથાના બીજા દિવસે અધ્યક્ષસ્થાનેથી ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારીમંત્રી ડૉ.જે.ડી.પટેલે કથાકાર ડૉ.ટીના દોશીની કથાશૈલી, કથાવસ્તુ અને શ્રોતાગણની આંખમાં આંખ મિલાવીને રસપ્રદ રીતે પૌરાણિક સ્ત્રીઓની વાત રજૂ કરી એ વિશે આનંદ વ્યક્ત કર્યો હતો. ડૉ.પટેલે કહ્યું હતું કે ડૉ.ટીના દોશી જાણે ૫૧મી નારીકથા કરી રહ્યાં હોય એટલા આત્મવિશ્વાસ સાથે એમણે સંશોધનને આધારે કરેલી રજૂઆત સ્પર્શી ગઈ એટલે એમને આવતા દિવસોમાં પણ નારીકથા શ્રેણી આગળ વધારવા શુભેચ્છા પાઠવી હતી. હીરાબા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબહેન ત્રિવેદી અને સ.પ.યુનિવર્સિટીનાં પ્રોફેસર ડૉ.વિભા વૈષ્ણવે પણ નવી અને જૂની પેઢીને સર્વપ્રથમ નારીકથાના માધ્યમથી અનોખી માહિતી ઉપલબ્ધ થવા વિશે હરખ કર્યો હતો અને કથાકાર ડૉ.ટીના દોશીને પ્રાચીન, પૌરાણિક નારીઓની કથા નવતર રીતે રજૂ કરવા અને એને સંગીતમય બનાવવા આભાર માન્યો હતો.

દેશભરમાં સર્વપ્રથમ અને એકમાત્ર એવી સરદાર પટેલના જીવન અને કાર્યો અંગેની સંશોધન સંસ્થા 'સૅરલિપ'નાં અધ્યાપિકા ડૉ.ટીના દોશીની, ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના આશીર્વાદ સાથે શરૂ થયેલી, નારીકથાના માધ્યમથી પરાપૂર્વથી નારી સબળા અને વિદ્વાન હોવાની વાતને પ્રતિપાદિત કરવાનો ત્રિદિવસીય ઉપક્રમ ભાઈકાકા લાઈબ્રેરી સામેના સૅરલિપ સંકુલમાં યોજાયો છે. નારીકથાના શુભારંભપર્વમાં સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલે એને 'નારીના પુનઃસશકિતકરણ (રિ-ઍમ્પાવરમેન્ટ)નો યથાર્થ ઉપક્રમ' લેખાવીને આવકાર્યો હતો. આવતીકાલ શનિવાર, ૮ માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે નારીકથાના સમાપનપર્વમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ.પટેલ અધ્યક્ષસ્થાન સંભાળશે.

નારીકથાના બીજા દિવસે ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ અને ડૉ.એસ.જી.પટેલ, પૂર્વ માનદ સહમંત્રી ડૉ.એસ.વી.વૈષ્ણવ, સીવીએમ ગવર્નિંગ બૉડીના સભ્ય શ્રી કે.જી.પટેલ, ગૂજરાત વિદ્યાપીઠની આદિવાસી શિક્ષણ અને તાલીમ સંસ્થાના નિયામક ડૉ.ચંદ્રકાંત ઉપાધ્યાય, શ્રીમતી સંધ્યાબેન ઉપાધ્યાય, શ્રી આલાભાઈ પરમાર, હીરાબા મહિલા મંડળનાં પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબેન ત્રિવેદી, ડૉ.મહેશભાઈ અને શ્રીમતી હર્ષિતાબેન પાઠક, ગુજરાતીનો અધ્યાપક સંઘના પ્રમુખ ડૉ.ભગીરથ બ્રહ્મભટ્ટ, વિવિધ કોલેજોના આચાર્યોમાં વી.પી.સાયંસ કોલેજના આચાર્ય ડૉ.ભાવેશ પટેલ, નલિનીઅરવિંદ આર્ટ્સ કોલેજના આચાર્ય ડૉ.ઘનશ્યામસિંહ ગઢવી, સ.પ.યુનિવર્સિટીનાં પ્રો.ડૉ.વિભા વૈષ્ણવ, જાણીતા ઈતિહાસલેખક ડૉ.રિઝવાન કાદરી, આઈ.જે.પટેલ એજ્યુકેશન કોલેજનાં આચાર્ય ડૉ.નૂસરત કાદરી, સ.પ.યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના વડા ડૉ.જિગીષ પંડ્યા, એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજના ઈતિહાસ વિભાગના વડા ડૉ.મૌલેશ પંડ્યાસહિત અધ્યાપકો અને નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતાં.

મોસાળ પ્રાંગધ્રામાં જન્મેલાં અને મૂળ બોટાદના પ્રતિષ્ઠિત શેઠશ્રી ભગા દોશી પરિવારનાં વંશજ એવાં ૪૬ વર્ષીય ડૉ.ટીના દોશીનો ઉછેર અને શિક્ષણ મુંબઈમાં થયું. મુંબઈ યુનિવર્સિટીમાંથી રસાયણશાસ્ત્ર સાથે બી.એસસી. કર્યા પછી ગુજરાતની ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્રમાં ડિસ્ટિંક્શન સાથે એમ.એ. થઈને તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્રમાં પીએચ.ડી. કર્યું છે. અત્યારે તેઓ સૅરલિપમાં અધ્યાપિકા છે.

૧૯૮૯થી મુંબઈમાં 'જન્મભૂમિ' દૈનિક અને ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રુપના 'સમકાલીન' દૈનિક તેમ જ 'ચિત્રલેખા' સાપ્તાહિક સાથે જોડાઈ પત્રકારત્વમાં યોગદાન કરવા બદલ મહારાષ્ટ્ર સરકારનું શ્રેષ્ઠ પત્રકારત્વ પારિતોષિક મેળવવા ઉપરાંત સંશોધનાત્મક સાહિત્યિક લખાણક્ષેત્રે પણ સક્રિય રહીને તેમણે ૧૫ પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. તેમનાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમીના એવોર્ડ ઉપરાંત પત્રકારત્વમાં યોગદાન માટે ગુજરાત દૈનિક અખબાર સંઘનો એવોર્ડ તેમને મળ્યો છે. ગુજરાત વિદ્યાપીઠના 'ભૂદાન ચળવળની રાષ્ટ્રીય સમીક્ષા' સંશોધન પ્રકલ્પ પર તેમણે વાઈસ-ચાન્સેલર ડૉ.સુદર્શન આયંગારના માર્ગદર્શનમાં બે વર્ષ કામ કર્યું. લંડનથી પ્રકાશિત થતાં 'ગુજરાત સમાચાર' અને 'એશિયન વૉઈસ' સાપ્તાહિકોનાં પ્રોજેક્ટ ઈન્ચાર્જ અને ઍડિટોરિયલ કો-ઑર્ડિનેટર રહ્યાં છે. છેલ્લાં સાડા ત્રણ વર્ષથી ચારુતર વિદ્યામંડળના ભારતીય મહિલા વિશ્વકોશનાં રિસર્ચ ફૅલો તરીકે કાર્યરત રહીને તેનો ૧૧૦૦ પાનાંનો પ્રથમ ગ્રંથ પૂર્ણ કર્યો તેમાં વેદથી મહાભારત સુધીના સમયગાળામાં મહિલાઓની સ્થિતિ વિશેનો ગહન અભ્યાસ છે.

નારીકથાના બીજા દિવસે ડૉ.ટીના દોશીએ પૌરાણિક સ્ત્રીઓમાં સુલોચના, રુકમણી, ચિત્રલેખા ઉપરાંત કોસની શોધ કરનાર કૃષિવૈજ્ઞાનિક અને બલરામની પત્ની રેવતી તેમ જ પુત્ર અલર્કને રાજધર્મનું જ્ઞાન આપીને રાજા કેવો હોવો જોઈએ એનો બોધ આપનાર માતા મદાલસાની કથા વર્ણવી હતી. નારીકથાના પ્રથમ દિવસને અંતે અધ્યક્ષસ્થાનેથી પ્રિ.શનુભાઈ પટેલે નારીકથાના સર્વપ્રથમ પ્રયોગને આવકાર્ય લેખાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ડૉ.ટીના દોશીના પ્રકાશન માટે ગયેલા પ્રથમ ગ્રંથનું લખાણ હું વાંચી ગયો છું અને એનાથી પ્રભાવિત કરે તેવું કામ થયું હોવાનું મને લાગ્યું છે. ગુરુવારથી શરૂ થયેલી નારીકથા એ ખરા અર્થમાં તો મહિલાઓનું પુનઃસશકિતકરણ(વીમેન રિ-એમ્પાવરમેન્ટ) ગણી શકાય કારણ મહિલાઓ પરાપૂર્વથી સશક્ત હતી જ પરંતુ જેમ દેવતા પર રાખ પડી હોય અને આપણે ફૂંક મારીને તે ઉડાડવી પડતી હોય તેમ ડૉ.ટીના દોશીની આ નારીકથાથી મહિલાઓનું પુનઃસશકિતકરણ થતું હોય એવું અનુભવાય છે. ભારત દેશ પરાપૂર્વથી સાંસ્કૃતિક વૈભવની દૃષ્ટિએ સમૃદ્ધ રહ્યો છે.

પ્રથમ દિવસે ઉપસ્થિત મહાનુભાવોમાં ચારુતર વિદ્યામંડળના દાતાશ્રી શ્રીમતી વાસંતીબેન પટેલે સીવીએમના ભારતીયમહિલા વિશ્વકોશના એક ગ્રંથને સ્પોન્સર કરવા માટે રૂા.એક લાખનું ચારુતર વિદ્યામંડળને દાન આપવાની જાહેરાત કરાવી હતી. ઉપસ્થિત મહાનુભાવોમાં સીવીએમની ગવર્નિંગ બૉડી અને કાઉન્સિલના સભ્યશ્રી કે.જી.પટેલ, ગુજરાત ઈતિહાસ પરિષદના પ્રમુખ અને અમદાવાદની એસ.વી.આર્ટ્સ કોલેજના આચાર્ય ડૉ.જગદીશ ચૌધરી, કેળવણી ક્ષેત્રે મહત્વનું યોગદાન કરનાર ડૉ.મહેશ પાઠક અને શ્રીમતી હર્ષિતાબેન પાઠક, શ્રી રામકૃષ્ણ સેવા મંડળની પી.જી.ઈન્સ્ટિટયૂટના નિયામક ડૉ.આર.પી.પટેલ, ગુજરાતીનો અધ્યાપક સંઘના અધ્યક્ષ ડૉ.ભગીરથ બ્રહ્મભટ્ટ, સરદાર પટેલ યુનિવર્સિટીના ઈતિહાસવિભાગના અધ્યક્ષ ડૉ.જિગીષ પંડ્યા, સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ.રમેશ મકવાણા, સીવીએમની શાળાઓનાં સલાહકાર શ્રીમતી વિનોદિનીબેન ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રા.પૂંજાભાઈ પટેલ દંપતી, હીરાબા મહિલા મંડળનાં પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબેન ત્રિવેદી અને સભ્યશ્રીઓ, સીવીએમ અને આણંદની શિક્ષણસંસ્થાઓના આચાર્યશ્રીઓ ડૉ.આર.પી.જાડેજા, શ્રીમતી રેખાબેન ઈમેન્યુઅલ, ડૉ.ઘનશ્યામસિંહ ગઢવી, ડૉ.આર.ડી.મોદી, પ્રિ.આર.એમ.પટેલ, પ્રિ.એલ.એન.સંઘવી, નલિની પરિવાર સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત હતાં.

વિશ્વનો પ્રથમ પ્રેમપત્ર માધવનો સુલોચનાને અને એનો ઉત્તર

''વૈદિક સમયમાં કંઠપરંપરાનું ચલણ હતું, પણ કાળક્રમે લેખનપરંપરાનો આરંભ થયો. સ્ત્રીઓ પણ અક્ષરજ્ઞાન મેળવતી થઈ. લખતીવાંચતી થઈ. આવી લખતી વાંચતી કન્યાનો પ્રથમ ઉલ્લેખ પદ્મપુરાણમાં થયો છે. એનું નામ સુલોચના. પ્લક્ષદ્વીપમાં વિખ્યાતા નામની નગરીના રાજા ગુણાકર અને રાણી સુશીલાની હોંશિયાર અને સ્વરૂપવાન કુંવરી એટલે સુલોચના. એનાં રૂપગુણનાં વખાણ સાંભળીને દરિયાપાર તાલધ્વજા નગરીના રાજા વિક્રમ અને રાણી હારાવતીના એકના એક કુંવર માધવે વિશ્વનો પહેલો પ્રેમપત્ર સુલોચનાને મળ્યો ત્યારે એનાં લગ્ન લેવાઈ રહ્યાં હતાં, પણ સુલોચનાએ એ જ પત્ર પાછળ લખી મોકલ્યું. 'મારાં કાલે વિદ્યાધર સાથે લગ્ન છે પણ લગ્નમંડપમાં મારો ડાબો હાથ ઊંચો કરીને કહીશ કે જે અહીં વીર હશે તે મને લઈ જઈ શકશે અને તે જ મારો પતિ થશે. એટલે તમે તમારી વીરતાનો પરિચય આપજો અને લગ્નમંડપમાંથી મને લઈ જજો' અને વીરતાનો પરિચય આપનાર માધવ અને સુલોચનાનાં લગ્ન થયાં.''

ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ બીજા દિવસે અધ્યક્ષસ્થાને : રસાયણશાસ્ત્રમાં સ્નાતક અને સમાજશાસ્ત્રમાં પીએચ.ડી.થયેલાં સર્વપ્રથમ નારીકથાકાર ડૉ.ટીના દોશીના મુખે સૅરલિપમાં આવતીકાલે રામાયણ-મહાભારતની સ્ત્રીઓની કથા